પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 23-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day : Monday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર યશવી મહેતા વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

CM VADTAL DHAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે વડતાલમાં શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ધોલેરાધામ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે આયોજિત કાર્તિકી સમૈયો કાર્યક્રમમાં સહભાગી થયા. આ પ્રસંગે સભાને સંબોધતા શ્રી પટેલે કહ્યું , વડતાલની ભૂમિ પર કાર્તિકી સમૈયોમાં આસ્થા અને ભક્તિનો ઉત્સવ છે . બીજી તરફ શિક્ષણ અને વિકાસનો નવો અધ્યાય શરૂ થઈ રહ્યો છે. તેમણે આ મહોત્સવને વારસા અને વિકાસના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું. તેમણે કહ્યું , દેશમાં 50 કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા તે દેશની આઝાદી બાદ સૌથી મોટું પરિવર્તન છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

અગાઉ મુખ્યમંત્રી આણંદ જિલ્લાના મોરડ ખાતે પરમપૂજ્ય જ્ઞાની પુરુષ દાદા ભગવાનની 119-મી જન્મજયંતી નિમિત્તે આયોજિત ઉજવણીમાં સહભાગી થયા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે લખ્યું , આ અવસરે આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ દેસાઈના સત્સંગ અને પ્રેરક વચનોનું ભાથું પ્રાપ્ત કર્યું. દાદાવાણી સદૈવ હૃદયમાં રહે અને મન , વચન, કાયાથી માનવજાતના કલ્યાણ માટે અવિરત કાર્યરત્ રહી શકાય તેવા આશીર્વાદ મેળવ્યા. આત્મજ્ઞાનના માર્ગે સૌના જીવનમાં શાંતિ, સદભાવ અને કરુણાનો પ્રકાશ પથરાય તેવી પ્રાર્થના.

SAFARI PARK

એશિયાઈ સિંહોના દર્શન માટે રાજ્યના વિવિધ સફારી પાર્કમાં દિવાળી વેકેશન દરમિયાન પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો છે. સૌરાષ્ટ્રના વિવિધ સફારી પાર્કમાં માત્ર સાત દિવસમાં 80 હજારથી વધુ પ્રવાસીઓએ સિંહદર્શન કર્યું છે. પ્રવાસીઓની વધતી સંખ્યાને પગલે વન વિભાગને એક કરોડ 59 લાખ રૂપિયાથી વધુની આવક થઈ છે. ગીર અને દેવળિયા સફારીમાં સૌથી વધુ 60 હજાર 661 પ્રવાસીઓએ જીપ્સી અને બસ સફારી મારફતે સિંહદર્શન કર્યું હતું. આ બંને સ્થળોએથી વન વિભાગને આશરે રૂ. 1.21 કરોડની આવક થઈ છે. બીજી તરફ ગિરનાર નેચર સફારી, આંબરડી અને બરડા સફારીની કુલ 20 હજાર 282 પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

AHMEDABAD DEMOLITION

અમદાવાદ શહેરમાં સરખેજ વિસ્તારમાં ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. માદક પદાર્થની હેરાફેરી સાથે સંકળાયેલા રીઢા ગુનેગારોના ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા મકાનોને તોડી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી હોવાનું DCP શિવમ વર્માએ જણાવ્યું.

(BYTE: SHIVAM VERMA, DCP ZONE 7)

MSN HEALTH CENTER MACHINE

રાજ્ય સરકાર દ્વારા મહેસાણાના કડી તાલુકાના કલ્યાણપુરા અને બહુચરાજીના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં બે સોનોગ્રાફી મશીન ફાળવાયા.તેના કારણે ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને રાહત થશે. તેમજ પાંચ હજારથી વધુ સગર્ભા માતાઓને ઘરઆંગણે વિનામૂલ્યે સુવિધા મળશે.

BVR BJP SNEHMILAN

મત્સોદ્યોગ રાજ્યમંત્રી પરષોત્તમ સોલંકીની અધ્યક્ષતામાં ભાવનગરમાં ભાજપનું નૂતન વર્ષ સ્નેહમિલન સંમેલન યોજાયું. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયા સહિતના મહાનુભાવોએ તમામ કાર્યકર્તાઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી. દરમિયાન કાર્યકર્તાઓને સંબોધતા શ્રી સોલંકીએ કહ્યું, ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોની મુશ્કેલીના સમયે તેમની પડખે ઉભા રહી મદદરૂપ થવું એ જ સાચી માનવસેવા છે.

KHEL MAHAKUMBH FORM

ખેલ મહાકુંભ 2026 અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા ખેલાડીઓ એ રોકડ પુરસ્કાર મેળવવા 6 ડિસેમ્બર સુધીમાં ફોર્મ જમા કરાવી દેવાના રહેશે. અમદાવાદ જિલ્લા રમત વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે જાહેર રજાઓ સિવાયના તમામ કાર્યદિવસોમાં ખેલાડીઓ કચેરી ખાતે પોતાનાં ફોર્મ જમા કરાવી શકશે. તમામ વિજેતા ખેલાડીઓએ આ સૂચનાની ખાસ નોંધ લઈ નિયત સમયમર્યાદામાં પોતાનાં ફોર્મ જરૂરી આધાર-પુરાવા સાથે જમા કરાવી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

DANG SAMVIDHAN DIVAS

ડાંગમાં સંવિધાન ગૌરવ દિવસની ઉજવણીને લઈને ભાજપ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ નિમિત્તે જિલ્લા ભાજપ પ્રમુખ સુરેશ ચૌધરીની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના રાષ્ટ્રનિર્માણમાં યોગદાન , ભારતીય બંધારણનું ઐતિહાસિક મહત્ત્વ , સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુતાના મૂલ્યો અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ તથા બાબાસાહેબના જીવન સાથે જોડાયેલાં પાંચ સ્થળોના વિકાસ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.